જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૨/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૧૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૨૨૦ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૭૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૧૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૨૧૨/૨૦૨૬**

બાપુનગરઃ મોહમદઈરશાદ મોહમદઈસ્તાક શેખ (ઉ.વ.૩૬)(રહે,લોટસ રેસીડેન્સી, રખિયાલ) એ તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે જુલાઇ/૨૦૨૫ થી તા.૦૨/૦૧/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન બાપુનગર સફલ–૮ દુકાન નંબર. એફ–૨૦૧,૨૦૨, ૨૩૬,૨૩૭ "જૈનબ ક્રિએશન" નામની મોહમદઈરશાદની દુકાન ખાતેથી સેલ્સમેન તરીકે નોકરી કરતા આરોપી વિપુલ કિશોરગીરી ગૌસ્વામી (રહે. મફતનગર નરોડા) એ મોહમદઈરશાદની જાણ બહાર તેમના ધંધાકીય વેપારીઓનો સંપર્ક કરી, તેમના ઉઘરાણીના કુલ રૂપિયા ૧૧,૯૬,૩૦૦/– વિપુલ ગોસ્વામીએ પોતાના તથા તેના સંબંધીઓના બેંક ખાતામાં ઓનલાઇન રૂપિયા મેળવી લઇ તેમજ વીવો કંપનીનો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૯,૦૦૦/– પોતાની સાથે લઇ જઇ, મોહમદઈરશાદ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ચૌહાણ ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયોઃ– **સમાચાર યાદી નં.૨૧૩/૨૦૨૬**

ખોખરાઃ કમળાબહેન બાબુભાઇ વાઘેલા (ઉ.વ.૫૫)(રહે. ચંદ્રભાગા હાઉસિંગ બોર્ડ, ભાવસાર હોસ્ટેલ પાછળ, નવા વાડજ) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૨/૨૦૨૬ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરેથી ખોખરા નવનિર્માણ વિભાગ–૦૨ ખાતે જવા સારૂ નારોલ બી.આર.ટી.એસ. સ્ટેશન થી સી.ટી.એમ. બી.આર.ટી.એસ. સ્ટેશનના સુધીની બી.આર.ટી.એસ. બસમાં મુસાફરી દરમ્યાન કમળાબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/– અજાણ્યો પુરૂષ ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.ઝાલા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૨૧૪/૨૦૨૬**

એલીસબ્રીજઃ મિરાલીબહેન ડો/ઓ ભરતભાઈ વઢીયા (રહે.વંદેમાતરમ–૦૩, ચંદન મેડીકલની ગલી, ભુદરપુરા રોડ, આંબાવાડી) એ તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૨/૨૦૨૬ બપોરના ૩/૦૦ થી રાતના ૯/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યકિત મકાનમા પ્રવેશ કરી કબાટમાંથી ચાંદીનુ બ્રેસલેટ કિમત રૂપિયા ૨૦૦૦/–, સોનાની બંગડી નંગ–૨ (જેની કિમત ખબર નથી) અને રોકડ રૂપિયા ૧,૪૬,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૪૮,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ડોડિયા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૨૧૫/૨૦૨૬**

રામોલઃ બાલકૃષ્ણભાઇ સ/ઓ કાંતીલાલ ઠક્કર (ઉ.વ.૫૯)(ધંધો:ઘનલક્ષમી જનરલ સ્ટોરમાં જથ્થાબંધ વેપારી)(રહે.સુરધારા સોસાયટી મેટ્રો પીલ્લર નંબર–૧૩૯ સામે વસ્ત્રાલ) એ તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૨૬ પહેલા કોઇપણ સમયે વસ્ત્રાલ આર.ટી.ઓ રોડ ભાવના સ્કુલ સામે "ઘનલક્ષ્મી જનરલ સ્ટોર" નામની બાલકૃષ્ણભાઇ ઠક્કરની દુકાનમાં છેલ્લા ૫૦ દિવસથી કારીગર તરીકે કામ કરતા નોકર રાકેશભાઇ (મુળ વતન: સીરોહી, રાજસ્થાન) એ દુકાનમાં બિસ્કીટના બોક્ષમાં સીગારેટના પાર્સલ મુકી તેની અદલા–બદલી કરી, કોઇ અજાણી વ્યકિતને ગ્રાહક બનાવીને બિસ્કીટના નામે સીગારેટના પાર્સલો આપી, બિસ્કીટના પાર્સલ આપેલ હોઇ તેનું બીલ બનાવવાનું કહી, અવાર–નવાર આવી રીતે કોઇપણ સામાન ચેક કર્યા વગર માલ સામાન લેવા આવનારને બાલકૃષ્ણભાઇ ઠક્કર નાઓ કેસ કાઉન્ટર ઉપરથી સામાનનું બિલ બનાવીને જવા દેતા હતા. જે દુકાનમાં રાખેલ માલબ્રો સીગારેટ અને આઇ.ટી.સી કંપનીની સીગારેટના જથ્થાના વાર્ષિક સ્ટોકની ગણત્રી કરતા વેચાણ અને સ્ટોક તથા આવકમાં આશરે રૂપિયા ૪,૫૦,૦૦૦/– ની ઘટ જ્યાને આવેલ જે સીગારેટના પાર્સલો નોકર રાકેશભાઇ ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રબારી ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૨૧૬/૨૦૨૬**

ચાંદખેડાઃ કોટેશ્વર ચાર રસ્તા દેવ પિનાકલ નામની નવી બનતી સાઈટ ઉપર રહેતા રોહીત રમેશચન્દ્ર ગૌતમનો સાત માસનો પુત્ર પારસ તા.૦૬/૦૨/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે તેના રહેણાંક લેબર કોલોનીના રૂમમા રમતાં–રમતાં શાકની તપેલીમાં પડી જતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે તેને અસારવા સિવીલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૨/૨૦૨૬ રાતના ૧૧/૩૦ વાગે તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પાર્થ પ્રતાપભાઇ ચલાવે છે.

ભુલથી પાણી સમજી કેમીકલ પી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૨૧૭/૨૦૨૬**

નારોલઃ જીવન્તિકા કાંતીભાઇ ડાભાણી (ઉ.વ.૫૩)(રહે.શ્રીરામ રેસીડેન્સી, એ.એમ.સી બગીચા સામે, નારોલ) એ તા.૦૮/૦૨/૨૦૨૬ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે ભુલથી કલરમાં નાખવાના કેમીકલની બાટલીમાંથી પાણી સમજી કેમીકલ પી જતા સારવાર અર્થે તેમને શક્તિ હોસ્પિટલ નારોલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૨/૨૦૨૬ સવારના ૫/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઈ ગણપતભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી